# લગ્ન ઠરાવો

**ઠરાવ નં. ૧ :-**

સગાઈ કરતી વખતે કન્યાના બાપે દીકરાના બાપને રૂા. ૧ શુકનમાં તથા ગોળની અથવા સાકરની ભરેલી ટોપરાની કાચલી આપવી.

**ઠરાવ નં. ૨ :-**

સગાઈ કર્યા પછી દીકરાના બાપે વેવાઈ વટ કરવા ૫ માણસોએ જવું. અને તે વખતે દીકરીના બાપે આવેલ વેવાઈઓને પાઘડીના રૂા. ૧૦ - ૧૦ આપવા.

**ઠરાવ નં. ૩ :-**

વેવાઈ વટ કર્યા પછી લગ્નમાં દશ માણસો લઈને દીકરીના બાપે દીકરાના બાપને ત્યાં જવું. તે વખતે જમણમાં કંસાર અને ખીચડી આપવી. લગ્ન વધાવતી વખતે દીકરીના બાપે રૂા. ૧૦ (દશ) આપવા તથા રૂા. ૧ (એક) ચાંલ્લાનો આપવો. એમ કુલ રૂા. ૧૧ (અગિયાર) આપવા. લગ્નના માણસોએ સગી ફોઈ, સગી બહેન કે સગી માસી સિવાય કોઈને ત્યાં રાતવાસો રોકાવવું નહી. અને આ સિવાયના બીજા કોઈને ત્યાં રાતવાસો રોકાનાર માણસ નાતનો ગુનેગાર ગણાશે. લગન વધાવતી વખતે છોકરાના બાપને દશ દિવસની અંદર જાન લઈ આવવાનું મુરત આપવું. કદાચ કોઈ અઘટિત કારણ બને તો તાત્કાલિક બે દિવસમાં જાણ કરવી. લગ્ન ઉભો દિવસ રાખેલ છે. રાતવાસો રોકાવું નહીં.

**ઠરાવ નં. ૪ :-**

લગન વધાવ્યા પછી કોઈ જાતનું સગું કાઢી જાન રોકવી નહીં. અને જો જાન રોકશે તો જાન રોકનાર નાતનો ગુનેગાર ઠરશે. લગન વધાવ્યા પછી

બન્ને પક્ષોમાંથી કોઈ પણ પક્ષ સગુ તોડશે તો તે ગુના બદલ નાતને રૂા. ૧૦૦૧/- દંડ પેટે આપવાના રહેશે.

**ઠરાવ નં. ૫ :-**

લગન વધાવેલી કન્યા પડતી મુકી મુરતિયાને સમાલ ગોળમાં બીજો કોઈ વ્યક્તિ કન્યા આપે તો કન્યા આપનાર વ્યક્તિએ નાતને રૂા. ૧૦૦૧/- દંડના આપવા પડશે. તેમજ જો કન્યા પક્ષ તેની કન્યા લગ્ન વધાવ્યા પછી બીજે ક્યાંય પરણાવવાની કોશિષ કરશે તો કન્યાના બાપે પણ નાતને રૂા. ૧૦૦૧/- દંડ આપવો પડશે.

**ઠરાવ નં. ૬ :-**

જાન તેડવા વરઘડ જાય તો વરપક્ષે વરઘડને રૂા. ફક્ત ૧૦/- આપવા.

**ઠરાવ નં. ૭ :-**

ગામે જાન આવે ત્યારે ગળ્યુ પાણી આપવું નહીં. આવતી જાન વધાવી વર સાથે સીધી માંડવે લેવી.

**ઠરાવ નં. ૮ :-**

વરપક્ષએ નીચે પ્રમાણે દાપુ આપવું. દાપા પેટે રૂા. ૫૦૭૦/- (અંકે રૂપિયા પાંચ હજાર સીત્તેર પુરા) સદર દાપાની રકમ એકી રકમે લગ્ન વિધિ પત્યા પછી ભાણે ભરવી. સગાઈ મેળવણીયાને બન્ને પક્ષ તરફથી દશ-દશ રૂપિયા આપવા. તલતલવા સદંતર બંધ છે. કન્યા તેનું દહેજ પ્રમાણે વર્તવાની છુટ છે.

**ઠરાવ નં. ૯ :-**

દીકરીના બાપે વરપક્ષને વળતરમાં ૧૦ તોલા ચાંદીના છડા આપવા.

સોનાની ચુની અથવા રવો, દાંતની ચુડીઓ, ૪ કીલોનું તાંબા અથવા પિત્તળનું બેડું, દિવાઘર બાજવઠ તેમજ જમાઈને રૂા. ૧૦/- (દશ) વાળીના તથા રૂા. ૧૦/- (દશ) ખભા ઢંકણાના આપવા. તેમજ વેવાઈને પાઘડીના રૂા. ૧૦/- આપવા. જાનમાં વર સિવાય ૭૦ જાનૈયા લઈ જવા. વધારે જાનૈયા લઈ જનાર નાતનો ગુનેગાર ગણાશે. જાન પક્ષ તરફથી રૂા. ૧૦/- પંચના આપવા.

**ઠરાવ નં. ૧૦ :-**

જાન સવારે આવે અને સાંજના ૫ વાગે વળાવવી. જમણ નક્કી કર્યા મુજબ એક આપવું. જાનને ચોખ્ખા ઘી નો શીરો તેમજ દાળ-ભાત આપવા. નાસ્તો સદંતર બંધ છે.

**ઠરાવ નં. ૧૧ :-**

પાટ બંધણાના બન્ને પક્ષોએ રૂા. દશ-દશ એમ કુલ મળી રૂા. ૨૦/- બ્રાહ્મણને આપવા જાન વળાવતી વખતે દીકરીના બાપે વરપક્ષને નિવૈધ ના અઢીશેર ચોખા અથવા ઘઉં તેમજ રૂા. ૧૦/- ટકાના આપવા અને કન્યા સાથે અણવર મોકલવો.

**ઠરાવ નં. ૧૨ :-**

વર-કન્યા માટે પોશાકમાં છૂટ કરવામાં આવે છે. કન્યા માટે મોડીયો લાવવો. વરનો મોડીયો બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૩ :-**

તલ તલવા તથા ભુરદાન બંધ કરવામાં આવે છે. બિભત્સ ફટાણા (ગાળો) ગાવાં નહીં. તેમજ વરપક્ષ કે કન્યા પક્ષના કોઈ પણ વ્યક્તિએ કેફી પીણું વાપરવું નહીં. તેમ છતાં જે વાપરશે તેનાં રૂા. ૫૦૧/- દંડ લેવામાં આવશે.

**ઠરાવ નં. ૧૪ :-**

કંકુ કન્યા આપવાની છુટ છે. દાપુ પાછુ આપવાની છુટ છે. વેલડું લઈ જવું નહીં. જાનને માંડવે ગુલાલ આપવો. રંગ છાંટણા આપવા નહીં.

**ઠરાવ નં. ૧૫ :-**

રૂા. ૫૦૭૦/- ભાણે ભર્યા પછી બીજુ કાંઈ સગુ વહાલું, ભાઈ-મિત્ર કે સ્નેહી સંબંધીને કંઈ આપવું નહીં. ગોદરે વેડ સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૧૬ :-**

જાનપક્ષે સગી ફોઈ, બેન કે માસી સિવાય રાતવાસો રોકાવું નહીં હાથ ગરણું, પાંસલીઓ કે હારડો વિગેરે બંધ કરવામાં આવે છે. ઉપરના સગા સિવાય રોકાનારને તેમજ રોકનારને બન્ને પક્ષો નાતના ગુનેગાર ઠરશે.

**ઠરાવ નં. ૧૭ :-**

મામેરૂ તેમજ મોસાળુ લઈ જનારે પોતાની યથા શક્તિ પ્રમાણે લઈ જવું. તેને કાંઈ બંધન નડશે નહીં. મોસાળામાં દાપું આપવું હોય તો સામા પક્ષનું દાપું આપવું. તે ઉપરાંત રૂા. ૧૦/- વેવાઈને પાઘડીના રૂા. ૧૦/- વાળીના અને રૂા. ૧૦/- ભાણેજ - જમાઈને ખભા ઢંકણાના આપવા. ગમે તેટલું મામેરૂ કે મોસાળું આપ્યું હશે પણ કુલ રકમનો ટહુકો કરવો નહીં. મામેરાના વળતરમાં સગાભાઈને તથા સગાભાઈની વહું ને જે લેવું હોય તે છુટ છે.

**ઠરાવ નં. ૧૮ :-**

અણવરને ઓઢામણું આપવું કન્યાના દાગીના ઉપર મુરતિયાના બાપનો હક્ક રહેશે. પહેલા આણાના રૂા. ૫૧/- આપવાનું નક્કી કરવામાં આવે છે. ઝિયારાના આણાના રૂા. ૧૦૧/- આપવાનું નક્કી કરવામાં આવે છે. આણું તેડવા પાંચ માણસોએ જવું.

**ઠરાવ નં. ૧૯ :-**

શ્રીમંત વખતે દીકરીના શુકનના એક જોડી કપડા લઈ જવા. જમાઈ માટે પેન્ટપીસ અથવા ધોતીયું અને વેવાઈને રૂા. ૧૦/- પાઘડીના, જમાઈને રૂા. ૧૦/- વાળીના આપવા. તેમજ સાત પડીકાં, સવાશેર ચોખા, એક શ્રીફળ લઈ જવું. ખોળો ભરાવવા આવનારને ધોતિયુ અથવા પેન્ટપીસ આપવું.

**ઠરાવ નં. ૨૦ :-**

પેટી આણું અથવા ઝીયારાના પ્રસંગે ભાઈ તેની બેનને તેની સંપત્તિ પ્રમાણે જે લેવું હોય તે લઈ શકે છે તેની છુટ આપવામાં આવે છે.

**ઠરાવ નં. ૨૧ :-**

વેવાણ પોતાના સગાને ત્યાં કોઈ પ્રસંગે જાય અથવા દિકરો કે દિકરી રમાડવા જાય તે વખતે સગી વેવાણને અને સાથે આવેલને દશ-દશ રૂપિયા આપવા. ઓઢમણાંની પ્રથા સદંતર બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૨૨ :-**

આડા દિવસે વેવાઈ કે વેવાણ જાય તો રૂા. ૧૦/- જ આપવા.

**ઠરાવ નં. ૨૩ :-**

દીકરીને લગ્ન પ્રસંગે મળેલ ભેટ - સોગાદો બંધ કરવામાં આવે છે.

**ઠરાવ નં. ૨૪ :-**

સમૂહ લગ્નમાં જોડાવું મરજીયાત છે.

## ● ● ● પુર્ન લગ્નના ઠરાવો. ● ● ●

**ઠરાવ નં. ૨૫ :-**

હાંસડી ચડાવવાનું સદંતર બંધ છે.

**ઠરાવ નં. ૨૬ :-**

સાજનાનું આણું તેડવા ૧૦ માણસો એ જવું. અને રૂા. ૨૦૭૦/- ભાણે ભરવા. પલ્લામાં એક જોડ કપડાં, ૧૦ તોલાના ચાંદીના છડા, સોનાનો રવો, ખોલ વગરના બલૈયા લઇ જવાં. રૂા. ૧૦/- પંચને આપવા. પલ્લું ચઢાવતી વખતે બૈરાંને રૂા. ૧૦/- આપવા. આણું તેડવાનો ઉભો દિવસ છે.

**ઠરાવ નં. ૨૭ :-**

આણું તેડવા આવનાર જમાઈને દશ રૂપિયા વાળીના અને પેન્ટ પીસ કે ધોતી લેવું. સગા વેવાઈને રૂા. ૧૦/- આપવા બાકીના માણસોને પણ ૧૦-૧૦ રૂપિયા આપવા. ચાર કિલોનું તાંબા અથવા પિત્તળનું બેડું કન્યાં પક્ષ તરફથી આપવું. ઉભો દિવસ રાખવો. ૧૦/- રૂા. બ્રાહ્મણને આપવા.

## ● ● ● મરણ પાછળના ઠરાવો ● ● ●

**ઠરાવ નં. ૨૮ :-**

કોઈની દીકરી રંડાય તો પોથ પેટે રૂા. ૧૦૦/- અને લોકાચારના ૫/- રૂપિયા કુલ ૧૦૫/- રૂપિયા આપવા. કોઈની દીકરી મરી જાય તો ખાંપણના રૂા. ૧૦૧/- આપવા. કોઈની દીકરી કે જમાઈ મરી જાય અને તેની પાછળ બારમું કરે તો રૂા. ૧૦૧/- ઘી ના આપવા. સાથ તથા પાઘડી બંધ કરવામાં આવે છે. દીકરી જમાઈને બોલાવવા. મરણના ૧૨ દિવસ પૈકી ઘર ધણી ને યોગ્ય લાગે તેવા ત્રણ દિવસ નક્કી કરવા.

**ઠરાવ નં. ૨૯ :-**

સેમાડીયું કરવું નહિં. કળશિયાં પરભા કરવો બંધ છે. જે કરે તે નાતનો ગુનેગાર થશે. જેને મરણ પાછળ સગું સાચવવું હોય તેણે જમણમાં દાળ-

ભાત આપવા. જે કોઈ આ બંધારણના વિરૂધ્ધ વર્તશે તે આપણા સમાલ ગોળ રોહિત સમાજનો ગુનેગાર ઠરશે.

## ● ● ● છૂટા છેડાના ઠરાવો ● ● ●

**ઠરાવ નં. ૩૦ :-**

વર કન્યા વચ્ચે અણ બનાવ બને અને કન્યા રહેતી ના હોય અને ચોખ્ખી રહેવાની ના કહે તો કન્યાનાં બાપ મુરતિયાના બાપને રૂા. ૫૦૭૦/- તેમજ કન્યાના દાગીના મુરતિયાના બાપને પરત આપવા.

**ઠરાવ નં. ૩૧ :-**

જો મુરતિયો કન્યાને રાખવાનું ના કહે તો હોય તો રૂા. ૫૦૭૦/- આપે. છૂટા છેડા આપવા. પરંતુ સમાજના નિયમ મુજબ કન્યાને આપેલ દાગીના તથા વાસણ-કુસણ જે કંઈ વળતરમાં આપેલ હોય તે મુરતિયાના બાપે કન્યાના બાપને પાછુ આપવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં. ૩૨ :-**

જો કન્યા રહેવાનું ના કહે અને નાત રિવાજે રૂા. ૫૦૭૦/- કન્યાના બાપ આપવા તૈયાર હોય છતાં કન્યાના પતિ છુટા છેડા આપવાનું ના કહે તો નાત રિવાજ પ્રમાણે રૂા. ૫૦૭૦/- ભરી સમાલ સમાજ મારફતે છૂટાછેડા લેવા.

**ઠરાવ નં. ૩૩ :-**

કોઈ માણસ પોતાની બૈરી હયાત હોય અને બીજી કોઈની બૈરી ઉપાડી લાવી ઘરમાં રાખે તો રૂા. ૫૦૭૦/- દંડ પેટે ભરવાના રહેશે. પહેલી પત્ની છૂટી થવા ઈચ્છે તો જીવે ત્યાં સુધી ભરણ પોષણ નિયમ પ્રમાણે આપવું.

**ઠરાવ નં. ૩૪ :-**

કોઈએ એક પત્નીની હયાતીમાં બીજી પત્ની કરવી નહીં. પરંતુ પ્રજાના દુઃખે બીજી પત્ની કરવી હોય તો પહેલી પત્નીની સંમતિ સિવાય બીજી પત્ની કરવી નહીં. બીજી પત્ની કર્યા પછી પહેલી પત્નીને મુશ્કેલી પડે તો સમાજના બંધારણ પ્રમાણે પહેલી પત્ની જીવે ત્યાં સુધીની ભરણ પોષણ અને બીજી જરૂરીયાત પૂરી કરવી.

**ઠરાવ નં. ૩૫ :-**

કન્યા મૂરતિયાના ઝઘડા માટે કોઈએ કોર્ટમાં જવું નહીં. ૪૯૮ ક કરવી નહીં. સમાજની સમક્ષ રજૂઆત કરી નિર્ણય કરવો. નિર્ણયનો ઉલ્લંઘન કરનાર સમાજનો ગુનેગાર બનશે.

**ઉપરોક્ત ઠરાવ નં. ૧ થી ૩૫ તમામ સમાલ ગોળ પરગણાનાં તમામ ગામોએ સર્વાનુમતે ઠરાવ કરેલ છે.**

**જય ભીમ**

**જય રોહીદાસ બાપુ**